અપીલ અરજી નં.૪૩/૦૮–૦૯ તા. ૧૫–૫–૦૮

અરજદારઃ શ્રી અતુલ જે. કાબરીયા
સામાવાળાઃ ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી વરાછાઝોન

# હુકમઃ–

વિષયઃ– આરટીઆઈ એકટ હેઠળ શ્રી અતુલ જે. કાબરીયાની તા.૧–૪–૦૮ ની અરજીથી ટી.પી. સ્કીમ નં.૨૧ (સરથાણા સીમાડા) ના બ્લો ક નં.૧૪૪–બ ના સબ પ્લોટ નં.૧ ના ક્ષેત્રફળમાંથી સબ પ્લોટ નં.૨,૩ કે અન્ય બ્લોક નંબરમાં એફ.એસ.આઈ વાપરવામાં આવી છે કે કેમ? તેની માહિતી બાબત.

સંદર્ભઃ– અરજદાર મજકુરની તા.૧૫–૫–૦૮ ની અપીલ અરજી નં.૪૩/૦૮–૦૯

શ્રી અતુલ જે. કાબરીયાની તા.૧–૪–૦૮ ની અરજીથી ટી.પી. સ્કીમ નં.૨૧ (સરથાણા સીમાડા) ના બ્લો ક નં.૧૪૪–બ ના સબ પ્લોટ નં.૧ ના ક્ષેત્રફળમાંથી સબ પ્લોટ નં.૨,૩ કે અન્ય બ્લોક નંબરમાં એફ.એસ.આઈ વાપરવામાં આવી છે કે કેમ?વિગેરે બાબતની માહિતી અંગે સ્પષ્ટ લેખિત જવાબ ન મળવાને કારણે નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૫–૫–૦૮ ના રોજ અપીલ કરવામાં આવેલ.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મુળ અરજીની નકલ તથા નોંધ વિભાગ સહિત આપવા જોગ પૂરક માહિતીની વિગતો માહિતીના વિલંબ તથા અનુમાનિત ઈન્કાર અંગેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૪૩ તા.૨૨–૫–૦૮ ના રોજ ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી વરાછાઝોનને પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને આજ દિન સુધી અત્રેના વિભાગને કોઈ માહિતી મળેલ નથી.

અરજદારે મુળ અરજીમાં માંગેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી નં.ઈ.ઝેડ/આરટીઆઈ/૫૬૦ તા.૨૯–૪–૦૮ ના રોજ પૂરી પાડવામાં આવેલ છે. પરંતુ અરજદારે મુળ અરજીમાં બ્લોક નં.૧૪૩ કે ૧૪૪ બ ના સબ પ્લોટ નં .૨ અને ૩ માં એફ.પી. નં.૫૮/૧ માંને ૫૮/૨ ના ક્ષેત્રફળમાંથી એફ.એસ.આઈ વાપરવામાં આવી છે કે નહીં અને જો વાપરવામાં આવી હોય તો કેટલી વાપરવામાં આવી છે જેની લેખિતમાં માંગણી કરેલ છે. સાથે ફા.પ્લોટ ૫૮/૨ ના મંજુર પ્લાનની ખરી નકલ માંગેલ છે. જયારે જાહેર માહિતી અધિકારીએ પ્લોટ નં.૧૪૩ અને ૧૪૪ સબ પ્લોટ નં.૧,૨ અને ૩ માં કેટલી એફ.એસ.આઈ મંજુર કરવામાં આવેલ છે તેની માહિતી આપેલી છે. તેમજ સબ પ્લોટ ૧ ના મંજુર પ્લાનની નકલ રૂા.૭૩૫/– ફી જમા કરાવવા અરજદારને જણાવેલ છે.

અરજદારની મૂળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારને નહી પૂરી પાડેલી ઉપરોકત માહિતી કાયદા અને નિયમની જોગવાઈ અનુસરી અત્રેની જાણ હેઠળ પૂરી પાડવા કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી વરાછાઝોનને જણાવવામાં આવે છે."

જયારે નકશાની નકલ અંગે જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને નિયત સમય અવધિમાં ફી ભરી મેળવી લેવા સુચવેલ હોઈ અરજદાર તે મુજબ અનુસરી મેળવી શકે છે.

નં. આરટીઆઈ સેલ/
તારીખ : –૬ –૦૮.

ડે.***કમિશ્નર(જનરલ),***
***અને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ***
(૧)ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી,વરાછાઝોન..... જાણ તથા અમલ માટે.
(૨) શ્રી અતુલ જે. કાબરીયા,